# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

કરે છે ઢીલ, નિર્ણય લેવામાં, ડરી જાય છે,
એમને એમ, આગ કે ઉત્સાહ ઠરી જાય છે,
મરી જાય છે આશા ભરી, સરી જાય સપનાં -
ઢીલી સરકાર વચનો આપી ફરી જાય છે..
(તેલંગાણા લટકતો પ્રશ્ન)

છૂટી જાય છે,
ખૂંખાર ગુન્હેગારો -
બાળક બની..

પડ્યો છે ડાઘ,
તાજમહેલ પર -
માયા નો રંગ..

## ચિંતન

**મૂલં દોષસ્ય હિંસાદેરર્થ કામો સ મા મુષઃ ।**
**તો હિ તત્ત્વાવ બોધસ્ય દુરૂચ્છેદાવુપપ્લવૌ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

'હિંસા અને અસત્ય વગેરે દોષો-અવગુણોનું મૂળ જે ધર્મથી રહિત છે - દૂર છે, અધર્મ જ છે એવા અર્થ (પૈસા-સંપત્તિ-ધન લાલસા) અને કામ, (વાસના-શારીરિક ભોગ) છે. માણસને આધ્યાત્મિક રસ્તે અટકાવનાર આપત્તિ-મુશ્કેલીઓ ઉભી કરનાર આ બે - જ (અર્થ, કામ) માણસને 'મુક્તિ' રૂપ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં બાધા રૂપ બને છે; અને કાપી ન શકાય એવી મુશ્કેલીઓની વિઘ્નો રૂપી જાળ બિછાવે છે.'

જેને આધ્યાત્મિક માર્ગે આગળ વધી મોક્ષ રૂપી પર્વતના શિખરે પહોંચવું હોય એને એ વિકટ માર્ગે આગળ વધવા સાથે વજન-બોજ ભેગો ન રાખવો જોઇએ તો જ આવો વિકટ માર્ગ સરળતાથી નિર્વિઘ્ને કાપી શકાય.

માણસ સંસાર-ત્યા કર્યા પછી પણ મંદિરો-આશ્રમો-મઠો બનાવી કાયમી 'સંપત્તિ' ઊભી કરી લે છે અને એના માટે અધર્મ અને અસત્યનું પણ આચરણ કરવું પડે છે.

સંતોષ અને ત્યાગ, સંપૂર્ણ સમર્પણ દ્વારા જ આધ્યાત્મિક ઊંચાઇએ પહોંચી શકાય છે એ માર્ગે જવામાં ધન-સંપત્તિ-બાધા રૂપ છે અને કામ-વાસના શારીરિક ભોગો અને સુખ-સુવિધાઓ પણ એમાં અડચણો ઊભી કરે છે.

અર્થ-અને કામ બાધા રૂપ છે.

## સુવિચાર

- જયારે સ્મિત સાથે આનંદ-ઉછળતો-કૂદતો આવે છે ત્યારે દુખો દૂમ દબાવી નાશી જાય છે - હરિભાઉ ઉપાધ્યાય
- ખાવું, પીવું, રમવું, મોજમજા કરવી અને થાકીને સૂઇ જવું, એ બચપણનો આનંદ કેમ ભૂલાય? - સુભદ્રાકુમારી ચૌહાણ
- હંમેશા આશાવાદી થઇ ખૂશ-મિજાજમાં આનંદસભર રહેવું એ પણ એક પ્રાપ્તિ જ છે - રહીમ
- દરેક ક્ષણને પ્રવૃત્તિ અને પરિશ્રમમાં પસાર કરવાથી જ આનંદની પ્રાપ્તિ થાય છે - ઝમર્સન
- જે વ્યક્તિ પોતાના કામમાં નિષ્ઠાપૂર્વકનો આનંદ ભરી શકે છે તેને સફળતા અચૂક મળે છે. - થોરો
- ભવ્ય સમાજની ભવ્ય મિજબાનીઓમાં જે આનંદ નથી મળતો એ દીનદુખીયાંની અને પીડિતોની સેવામાં સરળતાથી પ્રાપ્ત થાય છે - પ્રેમચંદ
- બધાં જ કર્મોનું લક્ષ્ય આનંદ છે - ટાગોર

## બોધ કથા

ગીતામાં કર્મયોગનું મહત્ત્વ છે, ફળની કોઇ પણ અપેક્ષા વગર ઇશ્વરને સાક્ષીમાં રાખી, નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવવી એ જ પરમ ધરમ છે અને એમાંથી મળતો દિવ્ય આનંદ એ 'એવોર્ડ' છે.

એક જોડા-ચંપલ બનાવનાર મોચી જયારે નાનાં બાળકના બૂટ બનાવે ત્યારે તેના પગની કોમળતાને ખ્યાલમાં રાખી કુણું ચામડું વાપરે, જેથી નાનું બાળક કંઇ બોલી ન શકે તેને ડંખે નહીં, એનો વિચાર કરે તે છે કર્મયોગ - ધર્મ.

૧૯૫૪ના ૨૫ જાન્યુઆરીના ભારત સરકાર તરફથી અપાતા ભારત રત્ન-પદ્મશ્રી વગેરેનાં એવોર્ડ અપાય છે તે સ્વીકારવા - ડો. સી.વી. રામનને 'ભારત રત્ન'નો ખિતાબ રૂબરૂ સ્વીકારવા 'રાષ્ટ્રપતિ ભવન'માં હાજર રહેવા માટે સરકારી ટપાલ મળી.

ડો. સી.વી. રામને એ પત્રના જવાબમાં લખ્યું, 'મારી પાસે બે વિદ્યાર્થી ડોક્ટરેટની પદવી માટે થેસીસ લખે છે હું તેમનો ગાઇડ છું થેસીસ રજૂ કરવાની તા.૩૧મી જાન્યુ છે - એટલે આ છેલ્લું સપ્તાહ ચાલે છે. એમને મારા માર્ગદર્શનની ખૂબ જ જરૂર છે આવી પરિસ્થિતિમાં હું એક 'શિક્ષક' તરીકેની મારી ફરજ સમજી તેમને છોડીને આવી શકું નહીં..

આટલી વાત તટસ્થતાપૂર્વક સમજી મને
દરગુજર કરશો.'

# છોકરાની આંખો ફાટીને ફાટી જ રહી ગઇ, તેને વિશ્વાસ પડતો ન હતો કે પાઈ પાઈનો હિસાબ કરનારી આ બાઈ અચાનક તેને બધી પસ્તી ફ્રીમાં આપીને સીત્તેર રૂપિયા પાછા કેમ આપે છે

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

'અરે એય પસ્તીવાળા, ઉભો રે'

સોસાયટીના ખૂણે રસ્તા પર આવતા પસ્તી... ભંગાર...ની બુમ સાંભળીને રશ્મિ બંગલાના બગીચામાં ઉભી હતી ત્યાંથી બહાર આવી.

'બધાં પાછળથી શું કામ બૂમો પાડે છે?' લારી ઉભી રાખતાં પસ્તીવાળો બોલ્યો.

રશ્મિએ પસ્તીવાળાને ઉપરથી નીચે સુધી જોયો. અલ્લડ, મસ્તચાલે તે લારી ધકેલતો હતો. શ્યામ રંગ, લંબાઈ ૫-૬ ફૂટ હશે. ભડકીલું લાલ રંગનું ટી-શર્ટ નવું પણ મેલું, વાદળી જીન્સ, ડાઘા ધબ્બાવાળું, મોટાં મોટાં મેલાં સ્પોર્ટ સુઝ, ગાલ પર વાગ્યાના ત્રણ નિશાન જે રૂઝાઈ ગયેલાં લાગતાં હતાં. લાંબા વાળની લટો ગરદન પર ઝુલી રહી હતી. સોનેરી ફ્રેમવાળાં કાળાં ચશ્મા જેના પર રિબૉકની નકલી ચીટકી બાજેલી હતી તેને તેણે માથા પર ચડાવી રાખ્યા હતાં. તેની ઉંમર માંડ સોળ-સત્તર વર્ષની હશે. જુઓને કેવો હીરો બની ને ફરે છે. ધંધો પસ્તીનો ને મિજાજ કેવો છે. રશ્મિએ મનમાં વિચાર્યું પછી પૂછ્યું : 'તારે પસ્તી જોઈતી નથી? તો શું કામ આઘો પાછો થાય છે. મારે તો આજે પસ્તી વેચી જ દેવી છે. ઘણા દિવસથી ઘરમાં કચરો પડી રહ્યો છે. વાસ્તુના હિસાબે ઘરમાં પસ્તી રાખવી અશુભ છે સમજ્યો!'

'પણ વાસ્તુની ગણત્રી અમારે તો કયાં કરવાની હોય, જેના ઘેર પસ્તી જ પસ્તી હોય અથવા ઘર પસ્તીમાં હોય, જેમાં ચૂલો પણ પસ્તીથી સળગતો હોય.' તે બોલ્યો.

'ચૂપ, બોલ પેપરની પસ્તી શું ભાવે લઈશ?'

'સાત રૂપિયે કિલો.'

'અંગ્રેજી છાપાં પણ છે. આઠ રૂપિયે લઈ લે.'

'આંટી પસ્તી એટલે પસ્તી તેનો ભાવ એક જ હોય. ગુજરાતી હોય કે અંગ્રેજી.'

'સારૂં સાડા સાત રૂપિયા રાખ. ઓસરીમાં આવી જા. હા ત્યાં જ ઉભો રહે જે. હું પસ્તી બહાર લાવું છું.' તેને સખત ચેતવણી આપીને રશ્મિ ઘરમાં ગઈ. થોડી જ વારમાં છાપાં ભરેલો કોથળો લઈ બહાર આવી અને પસ્તીવાળા સામે ઢગલો કરી દીધો.

'પહેલાં તાલું ત્રાજવું બતાવ. બરાબર છે કે નહીં?' પછી તોલ જે.

તેણે ત્રાજવું ઉચું કર્યું. ત્રાજવું જૂનું તૂટેલું કટાયેલું અને વાકુંચૂતું હતું. બહુ મહેનત કરવા છતાં સીધું રહેતું ન હોતું? પણ એ તરત બોલ્યો.'આંટી થોડો ફરક છે. કંઈ વાંધો નહીં. હું તમારી પસ્તી બીજી બાજુ રાખીશ બસ. જરા વધુ તોલ આવશે.'

'અને બાટ બતાવ'

તેણે ત્રણ પથરા રશ્મિની સામે મુકયા અને બોલ્યો ૫૦૦ ગ્રામ, બીજો કિલોનો અને ત્રીજો બે કિલોનો છે. બરાબર ને!'

શું? આ પથરા? ધંધો કરવા નીકળ્યો છે તો ત્રાજવાં અને બાટ તો સરખાં રાખ. બે ઈમાની કરે છે. રશ્મીએ કહ્યું .

'આ ધંધો કયાં સોનાનો છે. પસ્તી જ લેવાની છે તેમાં થોડું આઘું-પાછું ચાલ્યા કરે. હાં મારી માએ આંખો પર કાળી પટ્ટી બાંધેલ દેવીવાળું ત્રાજવું તો ન હોય ને!' એટલે કહેતાં તેણે લારીમાં ભરેલા ભંગારમાથી ન્યાય દેવીની મૂર્તિ કાઢઈને લાવ્યો અને બોલ્યો. 'બિચારીનું એક પલ્લું તૂટી ગયું છે. સો પીસ છે. તમારે જોઈએ છે?' તમે તેનું બીજું પલ્લું ચોટાડી દેજો. જે ઈચ્છા થાય તે આપજો. તૂટેલું પલ્લું પણ મારી પાસે છે. લ્યો. એકવાર હાથમાં લઈ તો જુઓ બહુ સરસ છે. તેણે જબર જસ્તી રશ્મિના હાથમાં મૂર્તિ અને તૂટેલું પલ્લું પકડાવી દીધું. અને કહ્યું 'આંટી એક વાત કહું તમારો ચેહરો થોડો થોડો આ ત્રાજવાવાળી આંટી જેવો લાગે છે.'

ઘડીક તો રશ્મિને એમ લાગ્યું કે તેના હાથમાં ખરેખર ત્રાજવું આવી ગયું છે. જેના એક પલ્લામાં ગરીબ પસ્તીવાળો છે અને બીજા પલ્લામાં તેનો પોતાનો ૧૭ વર્ષનો દીકરો શની છે. બંન્ને વચ્ચે કેટલો ફરક છે. ખરેખર એટલો ફરક હોય પછી પલ્લું તૂટી જ જાયને! રશ્મિએ એક ઝાટકે ન્યાયની દેવીની મૂર્તિ અને તૂટેલા પલ્લાંને ભંગારની લારીમાં નાંખી દીધું. મનમાં ઉદ્‌ભવેલ ભારે બોજ જાણે ઉતરી ગયો. પછી ચિડાઈને બોલી.'ચૂપ રે... ને કામ કર, માકે નથી જોઈતી. ચાલ જલ્દીથી પસ્તી જોખ, મને અને મારા ઘરને જોઈને શું તને એવું લાગે છે કે હું તારી પાસેથી આ શો-પસ્તી ખરીદીશ? હજુ એવા ખરાબ દિવસો આવ્યા નથી.'

એક કિલો... બે કિલો... ત્રણ કિલો... તે ઓસરીમાં બેસીને પસ્તી જોખતો રહ્યો. રશ્મિ અનિચ્છાએ પણ તેની જિંદગીને તોલતી રહી.

જોખતાં જોખતાં એ અંગ્રેજી રંગીન સન્ડે ટાઈમ્સ ઉછળીને જોવા લાગ્યો, 'તને વાંચવાનો શોખ છે? તો ઘરે જઈને વાંચ જે. પહેલાં બધી પસ્તી જોખી નાંખ.' રશ્મિબોલી.

'આંટી તમે મને ઓળખ્યો નહીં. છ વર્ષ પહેલાં પણ હું તમારે ત્યાં પસ્તી લેવા આવેલો. હું એ જ ભણવાનો શોખીન પસ્તીવાળો છોકરો છું. હું વાર્તાઓ બહુ વાંચુ છું. તમે મને તમારા દિકરાની થોડી ચોપડીઓ અને મેગેઝીન આપેલાં તે બધાં વાંચી ગયેલો. તમારો દિકરો અત્યારે શું કરે છે? કંઈ કામે લાગ્યો છે.'

'કામ? અત્યારે? હજુ તો એ બારમામાં ભણે છે તને ભણવાનો શોખ હોય તો ભણ.'

'ભણવાના હું તો સપનાં જોઈ શકું. આમતો આખો દિવસ છાપાંને ચોપડીઓ સાથે રહું છું. પણ તેને વાંચવા બેસું તો ખાઉં શું? તેથી વિચારતો રહું છું.'

'તું ભણવા ગણવાનો નહીં ફેશનનો શોખીન છે. ગોગલ્સ પહેરી હીરો બનીને ફરે છે.' રશ્મિએ જરા મજાક કરી.

'આંટી એ તો એવું છે કે ચશ્મા બસ્મા પહેરવાથી લોકો મને બહુ લાઈક કરે છે. આમ તો આ વિસ્તારમાં ત્રણ ચાર પસ્તીવાળા છે. પણ લોકો સૌથી વધુ પસ્તી મને જ આપે છે. અને હું પસ્તીનો ધંધો કરૂં તેથી શું હું પસ્તી ભંગાર જેવો થઈને ફરૂં? જયારે કયારેક લીસ્સા કાગળવાળાં રંગીન મેગેઝીન જોઉં છું તો મને એમ થાય છે કે મારી નસીબમાં ભલે પસ્તીને ભંગાર હોય પણ કયારેક મારી જિંદગી પણ આવી સુંવાળીને રંગીન, થોડી રંગીલીને બ્યુટીફુલ થઈ જાય.'

'તું બહુ ઉડે છે.' તેની વાત સાંભળીને કોણ જાણે કેમ રશ્મિને લાગ્યું કે તેણે પસ્તીવાળાને બહુ ભાવ ન આપવો જોઈએ. તેને જમીન પર ઉતારવો જરૂરી છે. એ તેને ધ્યાનથી જોવા લાગી. ગાલ પર ઉઝરડાના નિશાન શંકાથી એકીટશે જોઈ રહેતાં એ જરા ખમચાયો. રશ્મિ જે પૂછવા માંગતી હતી તે એ સમજી ગયો અને પોતાના ગાલ પર હાથ ફેરવતાં બોલ્યો. 'આંટી મારા લગ્ન થઈ ગયાં છે. મારી વાઈફના નખ બહુ અણિયારા છે તેથી. અમે જરા મસ્તી કરેલી.'

'લગ્ન? મસ્તી કરતાં કે લડતાં હતાં.'

'ના... ના... ખરેખર મસ્તી કરતાં'

'કે પછી ચોરી ચકારી કરતાં પોલીસના હાથે તો આવું નથી થયું ને? ચોરીના ગુન્હામાં ઝાલે જ પોલીસ એક પસ્તીવાળાને પકડી ગઈ છે.'

'ના... ના... એવું કંઈ નથી. તેના ચહેરાનો રંગ જરા ફિક્કો પજ્યો. તે ફરીથી પસ્તી તોલવા લાગ્યો.'

પાંચ કિલો.. છ કિલો... સાત કિલો.. આઠ કિલો...માં થોડી ઓછી છે. કોઈ અંગ્રેજી છાપાં કે મેગેઝીન હોય તો નવ કિલો થઈ જશે.

રશ્મિ થોડાક જૂનાં મેગેઝીન કોણ જાણે કેમ પણ પસ્તીવાળાને ખુશ કરવા લઈ આવી.

'અંગ્રેજી મેગેઝીન વાંચીશ? વાંચીશ કે જોઈશ? આ બે. હવે તો નવ કિલો પૂરી થઈને?'

'તારા ત્રાજવાનાં કો ઠેકાણાં નથી. કિલોનું વજન બરાબર આવતું નથી ત્યાં ગ્રામમાં હિસાબ કરે છે. હવે થઈ ગઈ નવ કિલો લે' રશ્મિએ કહ્યું.

'કંઈ લોખંડ, પ્લાસ્ટિકનો ભંગાર છે' તેણે પૂછ્યું.

'ત્યાં સામે ખૂણામાં, કોથળામાંથી લઈ લે.'

તે ખુશ થતો બગીચાના ખૂણામાં પડેલા કોથળા તરફ ગયો. તેને ઉંધો કર્યો. તેમાંથી સામાન જોવા લાગ્યો. શેમ્પુની બોટલ થોડી ભરેલી હોય એવું લાગ્યું. ઢાંકણું ખોલીને ઉંધી કરી તો અંદરથી પાણી નીકળ્યું. વાહ રે નસીબ કેવા ભંગાર. કહેતા તેણે બોટલ નીચે ફેંકી. સાબુના થોડા ટૂકડા હતા. તે હાથમાં લીધા સુંઘ્યા અને પછી આમ તેમ જોઈ ખિસ્સામાં સરકાવી દીધા. રશ્મિ થોડે દૂર બેઠી તેને જોતી સાંભળતી હતી. જયારથી તેણે આ પસ્તીવાળાને સાથે ભાવતાલ કરવાનું શરૂ કર્યું તું. ત્યારીથી કોણ જાણે કેમ તેનું હેયું પીંગળતું હોય તેમ લાગતું હતું. નવ કિલો પસ્તી તોલતાં તોલતાં તેનું હૃદય જાણે કિલોના હિસાબે પીગળ્યું હતું. ન્યાયની દેવીનું ત્રાજવું વારંવાર જાણે કે તોલવા લાગતી હતી. પલ્લું સરખું કરવા જતી પણ જાણે એમ લાગતું કે આ છોકરાનું પલ્લું ભારે છે. અને તે હમણાં તૂટી પડશે. તેને એ સાચવી નહીં શકે. પણ એ છોકરાને એ વાતનો અહેસાસ થવા દેવા માંગતી ન હતી. ઘડીકમાં તેને એમ લાગતું કે એક પલ્લામાં એ પોતે છે અને બીજા પલ્લામાં પસ્તીવાળો છે. જયારે બધો સામાન કોથળામાં ભરીને બારીમાં કલ્પીને એ પાછો આવ્યો ત્યારે રશ્મિએ તેને પૂછ્યું 'બોલ કેટલા રૂપિયા થયા?'

'તમે જ હિસાબ કરોને?'

'સાડા સાતના હિસાબે નવ કિલોના સીત્તરે રૂપિયા થયા.'

'ના થોડા ઓછા થાય.'

'બે ત્રણ રૂપિયામાં શું ફરક પડે છે?'

'સારૂં બે ત્રણ રૂપિયા બાકીના પ્લાસ્ટીકના સામાનના બસ.'

'અરે! આટલા બધા સામાનના માત્ર બે-ત્રણ રૂપિયા? તું તો બહુ હોંશિયાર છે. જા સામાન લાવીને પાછો મૂકી દે.'

'આંટી થોડું અમને પણ કમાઈ લેવા દો ને. તેણે જરા ઢીલાશથી કહ્યું.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પુરા પચીસે પરણવું છે..!! પણ, પતિની પસંદગીનો પેચીદો પ્રશ્ન...!!
## ભણેલી-નોકરીયાત યુવતીની કોમન મુંઝવણ, જીવનમાં મિત્રો ઘણાંય આવ્યાં પણ 'પરફેક્ટ પતિ' જેવો એકેય દેખાતો નથી

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

'લગ્ન એટલે ખરેખર જ અઘરી વાત. મારા મનમાં અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે. ફક્ત મારૂં શિક્ષણ પત્યું અને જૉબ મળતાં જિંદગીમાં થોડી સ્થિરતા આવી એટલે થઈ ગઈ લગ્નની ઉંમર? લગ્નનું મારા જીવનમાં કેટલું મહત્ત્વ છે? કેવો જોઈએ છે મારે પતિ? લગ્ન એટલે શું જુગાર છે...' એક યુવતીનાં ડાયરીનું આ પાનું. એની દ્વિધા મનઃસ્થિતિની ચિતાર આપતી વાત. લગ્ન પછી એની લાઈફ શરૂ થાય છે. પણ એ ખુશખુશાલ આનંદી થવા માટે પેલી અને પેલાએ લગ્ન પહેલાં કઇ કઇ વાતોની કાળજી લેવી જોઇએ. વડીલો પણ આમાં ક્યાંક થાપ ખાય છે કે પછી સમયાનુસાર એમણે બદલાવું જોઇએ એવો વિચારમાં મુકતી એક યુવતીની કથા...

ઑફિસમાંથી સમયસર જવાનું કેટલુંય નક્કી કરીએ તોય નીકળાતું નથી, કામનો લૉડ હમણાંથી વધ્યો છે. રોજ રાત્રે ઘરે આવવાનું મોડું થાય છે, એટલે ઊંઘવામાંય મોડું જ, પણ પોતે કમાવેલા રૂપિયા મેળવવાનો આનંદ જ અનેરો છે. અને આમેય મારી 'કેમ્પસ'માં પસંદગી થયેલી એટલે હું વધારે ખુશ છે. ખુબ રોમાંચક લાગે છે. જોતજોતામાં જોબને છ મહિના પણ થઇ ગયાં...

કાલે મસ્ત શનિવાર છે. કાલે અને રવિવારે રજાના માહોલમાં ગીત ગાવાનો રિયાઝ કરવાની ઇચ્છા છે, પણ મમ્મી કરવા દેશે કે કેમ? ખબર નહીં. હમણાં હમણાં એ મને ઘરકામ તરફ ધ્યાન આમ એમ કહેતી હોય છે, શીખવાડતી હોય છે. કારણ હવે મારા લગ્નની ઉંમર થઇ ગઇ છે. હું ૨૫ની થઇ ગઇ એટલે હવે લગ્ન મસ્ટ થઇ ગયું છે.



એવું એનું કહેવું છે. કોણે નક્કી કરી આ લગ્નની ઉંમર? કેવળ મારૂં શિક્ષણ પત્યું. નોકરી લાગી ગઈ એટલે થઇ ગઇ લગ્નની ઉંમર? મારે લગ્ન કરવા છે કે કેમ? કયારે કરવાં? એવો વિચાર કેમ કોઇનાં મનમાં આવતો નથી?

મને એક વાતનું પાછું બહુ આશ્ચર્ય લાગે છે... આટલાં વર્ષો સુધી મારી બેસ્ટ ફ્રેન્ડ રહેલી મમ્મી આજકાલ બદલાયેલી લાગે છે. અમારાં બંને વચ્ચેનો સંવાદ કયાંક ખોવાઇ ગયો છે. અમારામાં હવે કોઇ વાતની ચર્ચા થાય તો એનો અંત મારાં રડવાનો જ હોય છે. મને બહુ વિચિત્ર ત્રાસ થાય છે. હું અને મમ્મી પહેલાં કેટલાં ગપાટાં મારતાં હતા પણ હવે માત્ર મૌન જ...

આમેય સાચું કહું તો મને કોઇ વિવાવ મંડળમાં, સમાજનાં મેળાવડામાં નામ નોંધાવવાનું (હવે તો ઇન્ટરનેટ રજિસ્ટ્રેશન) આ પ્રોસેસ કયારેક ગમી જ નથી. કેટલું બધું ઇરિટેટિંગ લાગે છે! સારૂં કયાંક કોઇનેય ફોટો આપવાનો હોય તો એ સાડીમાં પડાવેલો જ જોઇએ એ માટે મમ્મીનો દુરાગ્રહ જ હોય છે. હવે આજનાં જમાનામાં ડ્રેસ, જીન્સ-ટૉપ, શૉર્ટર્સમાં ફરતાં હોઇએ અને મણીબેન જેવો ફોટો આપવાનો, મને તો ખબર જ નથી પડતી. મમ્મી કેમ અચાનક આવું વર્તન કરવા લાગી છે. આટલાં દિવસ કેટલું મસ્ત વાતાવરણ હતું ઘરનું, અને હવે બધાં સંયુક્ત રશિયાના છૂટા પડેલાં રાજયો જેવાં વર્તે છે. અને એય પાછા મારાં લગ્નનાં વિષયને કારણે, એવું જાણ્યા બાદ તો વધારે જ માથું ભમવાં લાગે છે!!

મમ્મી બોલી, 'આયુષી, શોધી રાખ્યો છે કોઇ? તો કહી દે, તરત લગ્ન કરી નાખીએ.' સાચું તો મનેય ગમ્યું હોત લવમેરેજ કરવાનું. પણ મિત્રો ઘણાં હતા પણ એમાં 'પતિ મટેરિયલ' એકેયમાં મળ્યું નહીં. દરેક મિત્રમાં કાંઇકને કાંઇક ના ગમે એવું હતું. કોઇ જુઠ્ઠા બોલો હતો, તો કોઇ લાગણી સમજે એવોજ નહોતો, કોઇ માત્ર દેખાડા કરે એવો હતો તો કોઇ બીજું કંઇક અવગુણ હતો. મજાની વાત એ હતી કે મારી બહેનપણી મૈત્રિની પરિસ્થિતિ પર સેમ મારા જેવી જ. અમારી દોસ્તી છેક સ્કૂલથી, પરમ દિવસે જ અમે વાતોએ ચઢેલાં. લગ્ન કરવાની માનસિક તૈયારી જ નથી અમારા બંનેની. મમ્મીએ આ વાત કરી તો બોલી, 'કયારે થશો તમે માનસિક તૈયાર? આ ઉંમરે તો અમારી બીજી ડિલીવરીની તૈયારી થઇ ગયેલી... અમારાં કોઇ આવાં ફાલતું લાડ કરતાં નહી, અને કોઇ સાંભળતાય નહીં!!'

મને છે ને આ 'અમારા વખતે' ...શબ્દ સાંભળ્યા એટલે આપોઆપ જ અંદરથી કાન બંધ થાય છે. એ વળી શું એકની એક વાત. દિવસ બદલાયાં છે. અત્યારની જિંદગી કેટલી મસ્ત જઈ રહી છે. સવારે મસ્ત મમ્મી ટિફીન બનાવી આપે. આરામથી ઉઠવાનું, ફક્ત પોતાનું જ કામ પરવારીને ઑફીસ નીકળી પડવાનું. લગ્ન પછી આરામ તો મળવાનો જ નથી અને પાછી બધાંની મરજીઓ સાંભળવાની, ઇચ્છાઓ પૂર્ણ કરવાની, હટ' આવી તો કોઇ જિંદગી હોતી હશે?

રવિવારે સાંજે અમે બધાં, અમારાં કૉલેજનાં ગ્રુપના સભ્યો મળેલાં, ભેગાં થયેલાં, એટલે વિષય તો પેલો લગ્નનો જ હતો. બધાંના જ ઘરમાંથી લગ્નનું દબાણ હતું. વિરલ બોલ્યો, 'છોકરીઓ બહુ દોઢડાહી હોય છે.' સ્મિત બોલ્યો, 'હા યાર, પરમ દિવસે એક છોકરી જોવા ગયેલો તે એણે કીધેલું રોજ સવારે મને પ્રેમથી કાલાવાલા કરીને જગાડનારો પતિ જોઇએ.' હવે આને રોજ આમ ઉઠાડીએ તો મારી બેટી ઘરમાં કામો કોણ અને કયારે કરશે?' સ્વપ્નાને કીધું, 'હું જે કામ કરૂં એ એને ગમવાં જોઇએ, કોઇ વાંધો નહીં, પરિવારને મહત્ત્વ આપે એવો અને લગન પહેલાંની બહેનપણીઓને બાય-બાય કરનારો જોઇએ.'

પરમ દિવસે એક છોકરીને મળ્યો, એને પૂછ્યું તને શું ગમે છે? તે બોલી ફરવાનું, રખડવાનું ખુબ ગમે. હવે આ કાંઇ જવાબ થયો? મયંક તો આવો જવાબ સાંભળી ડઘાઇ ગયેલો. ઇશાન બોલ્યો, 'બેન બધી વાત સાચી પણ આપણી રસોઇનું શું? અમારે રોજ બે ટાઇમ જમવા તો જોઇએ ને?' એમ? એટલે કાંઇ અમે ભૂખ્યા નથી રહેતા, તમે પણ શીખઈ લો રસોઇ બનાવવાનું, અમે પણ નોકરીઓ કરીએ જ છીએ ને.'શ્રેયા બરાડી ઊઠી.

'અને લગ્ન પહેલાંનાં બ્રેકઅપની કલેરીટી કરેલી હોવી જોઇએ. આજકાલ બધાંનો એકાદ બ્રેકઅપ તો થયેલો જ હોય છે. અને પહેલાનું ગમે તે હોય, લગ્ન પછી પત્નિવ્રતા તો હોવો જ જોઇએ.' બીના બોલી. આ મુદ્દા પર માત્ર બધાં સહમત થયાં, બધાં જ કાંઇક અંશે ઉશ્કેરાટમાં બોલતાં હતા. અને કયાંક અંતઃર્મુખ પણ થયેલાં હતા...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# દુનિયામાં કાયમી ખોટ કોઇને કોઇની પડતી જ નથી, થોડોક સમય એવું લાગે ખરૂં! પણ એ તો થોડોક સમય જ! પછી તો સમય જતાં એમનું સ્થાન લેનાર મળી જ રહે છે અને બધાં જ કામો પાર પડતાં રહે છે, અને કોઇની દુનિયા અટકી જતી નથી

## પારિજાત

- રેખા ભટ્ટ

''ખસ્તાએ ગાલિબ કે બગૈર કૌન સે કામ બંદ હૈ
રોઇએ જાર જાર કયૂં, કિજીયે હાયે હાયે કયૂં''

આ દુનિયામાં રોજિંદી ઘટમાળ ચાલ્યા જ કરે છે. અને એમાં દરેક વ્યક્તિનું ચોક્કસ સ્થાન. ચોક્કસ કામ નક્કી થયેલું છે. કોઇ હરખથી તો કોઇ કચકચ કરીને જવાબદારી નિભાવે છે.

ઘણી વખત એવું બની રહે છે કે કોઇ કોઇ વ્યક્તિઓ અમુક જવાબદારી માટે સૌ કોઇની પસંદ બની જાય છે. જેમ કે ફર્નિચરની ખરીદી હોય, મકાનની લે-વેચ હોય, છોકરા-છોકરીનું કયાંક ગોઠવવું હોય, ખેતીની જમીન લેવી હોય, લગ્નગીતો ગવડાવવાં હોય... જેવું કામ તેવી 'સ્પેશ્યિલ' વ્યક્તિ - સૌને એવું થાય કે એમના આવવાથી જ કામ પાર પડશે.

અને એવું બને પણ ખરૂં કે કોઇ ઘરમાં લગ્નના દિવસે સૌ બનીઠનીને બેઠાં હોય, ચહલપહલ થતી હોય પણ જેવાં લગ્નગીતો ગાવાનાં શોખીન 'ક' બેન આવે કે આખું વાતાવરણ 'લાઇવ' થઇ જાય.

લગ્નનો જમણવાર હોય, જમવાનું તૈયાર હોય, લોકો જમવા માટે તૈયાર હોય પણ કંઇ જ કારણ વિના જમવાનું શરૂ ના થાય અને જેવા 'અ' ભાઇ આવે કે તરત જ બધું ગતિમાં આવી જાય. જાણે સૌ કોઇ એમનાં આવવાની જ રાહ ના જોતા હોય!

એવું મરણ પ્રસંગનું - સૌ કોઇ શોકમગ્ન - ગમગીન બેઠાં હોય - શું કરવું તે કોઇને સૂઝે નહીં - અને એકાદ એવી વ્યક્તિ આવે કે અંતિમ ક્રિયાની તૈયારીઓ શરૂ થઇ જાય. અચાનક ફૂલો આવી જાય, એમ્બ્યુલન્સ ને ફોન થઇ જાય, સગાં-સંબંધીઓને જાણ થઇ જાય અને સૌ મૂગાંમૂગાં પણ અંતિમ ક્રિયાની તૈયારીમાં લાગી જાય. આવું કેટલાય સારા-માઠા પ્રસંગોએ આપણે અનુભવતા હોઇએ છીએ. કે 'અમુક'ની હાજરીથી કોઇપણ ઘટના પ્રસંગ સારી રીતે આટોપાઇ જાય છે. ત્યારે સૌને એવો વિચાર આવી જાય ખરો કે આ 'ભાઇ' કે 'બહેન' નહીં હોય તો શું થશે? કોણ સાચી સલાહ આપશે? એમનાં વિના જાણે કે કામ અટકી પડશે.

પણ ખરેખર એવું બનતું નથી. દુનિયામાં કાયમી ખોટ કોઇને કોઇની પડતી જ નથી. થોડોક સમય એવું લાગે ખરૂં! પણ એ તો થોડોક સમય જ! પછી તો સમય જતાં એમનું સ્થાન લેનાર મળી જ રહે છે અને બધાં જ કામો પાર પડતાં રહે છે. અને કોઇની દુનિયા અટકી જતી નથી.

ચાહે કે મોટા ઉદ્યોગપતિ હોય, નેતા હોય, સમાજના આગેવાન હોય કે સંગીતકાર કે અભિનેતા કે ગાયક હોય - સૌનું સ્થાન ભરાઇ જાય છે - ખાલી રહેતું નથી - કોઇ કોઇ કિસ્સામાં તો એનાથી વધારે યોગ્ય વ્યક્તિ મળી જાય એવું પણ બને!

અરે! તરતના જન્મેલા બાળકને પણ એની 'મા' મરી જાય કે તરછોડી દે તો પણ એ બાળક જીવી જાય છે અને માનભેર જીવતાં પણ શીખી જાય છે. ત્યારે કોઇએ પોતાનું 'મહત્ત્વ' છે માનીને ખોટા કૉલર ઊંચો રાખીને ફરવું નહીં - કેમ કે સંસારના આ ચક્રમાં બધાં જરૂરી છે પણ 'અનિવાર્ય' કોઇ પણ નથી. આના અનુસંધાનમાં એક સરસ મજાની વાર્તા છે કે, એક જુવાન વૈરાગ આવી જતાં પત્ની-બાળકોને છોડીને સાધુ બની જાય છે અને પોતાની સાધનામાં આગળ વધતો જાય છે. પણ એક દિવસ એને વિચાર આવે છે કે મારા વગર મારાં બાળકો અને પત્ની શું કરતાં હશે! હું એમને નિરાધાર કરીને આવી ગયો!

એટલે પોતાના ગુરૂની આજ્ઞા માગે છે પોતાના ઘરે જવા માટે. ગુરૂજી જ્ઞાની હતા. કહે, ''બેટા, સંસાર છોડીને આવી ગયા પછી ખોટી માયા રાખતો નહીં. તારી સાધના વેડફાઇ જશે.''

પણ આ યુવાનને ચિંતા થવા લાગી અને સાધનામાં ચિત્ત ચોંટે નહીં. એટલે ગુરૂજીએ થોડીક સલાહ આપીને શિષ્યને એના ઘરે પરત જવા આજ્ઞા આપી.

આ શિષ્ય તો ઘરે આવ્યો. સૌ રાજી થયાં. પણ હવે એની હાજરી ઘરનાં સૌને ખટકવા લાગી. એટલે યુવાન સાધુએ ગુરૂજીને યાદ કરી તેમની સલાહ મુજબ પોતે મરી ગયો હોય તેવો ઢોંગ કરી ઘરમાં પડી ગયો.

સાધુ મરી ગયો એવું લાગતા